PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજી સીએલ/સીજીઆરએફ/૩૯/કવા–૦૧/૧૮–૧૯/ 639-2 તા. 26-07-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
પ્રેમજીભાઈ ડી. મકવાણા,
C/O, નાથાભાઈ પી. મકવાણા
ગામ: બાંદરા
તા. ગોંડલ
જી. રાજકોટ
મો: ૭૪૯૦૮૮૪૦૦૪

વિષય :–બળેલ મીટર ના ચાર્જ બાબત
સંદર્ભ:– આપની અરજી તા. ૧૪–૦૫–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૯/કવા–૦૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ

સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૯/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૯–૦૬–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: પ્રેમજીભાઈ ડી. મકવાણા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

વિરુધ્ધ

પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી. જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

: હુકમ :

ફરીયાદ : બળેલ મીટર ના ચાર્જ બાબત

મુદ્દા નં.–૧ : પક્ષકાર નં –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના પરવપરાશ વીજજોડાણ નુ મીટર તા.૧૨–૦૧–૧૮ ના રોજ બદલાવેલ અને નવા મીટર મા કનેકશન ઢીલા રાખેલ હોવાથી તા.૦૫–૦૨–૧૮ ના રોજ વીજપુરવઠો બંધ થતા – ફરીયાદ લખાવેલ – જે પીજીવીસીએલ દ્વારા ફરીથી મીટર બદલાવેલ – આમ, જે તે વખતે – યોગ્ય માણસોને કામ આપેલ ન હોવાથી – સદર ફરીયાદ ઉપસ્થિત થયેલ છે. તેમજ તેનો બળેલ મીટર ના ચાર્જ રૂ.૮૬૦/– વસુલેલ છે, જે અયોગ્ય હોય, આમ – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | અરજદાર દ્વારા તેમની પૂરક અરજી તા.૧૧–૦૬–૧૮ મા જણાવ્યા મુજબ – તેઓ દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા અરજી કરાયેલ હોવાથી – તેમને દબાણ કરવા માટે – તેઓને ૧૨૬ ની કલમ હેઠળ નુ બીલ અપાયેલ છે. |

મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, શ્રી નાથાભાઇ પી. મકવાણા રહે. બાંદરા તા. ગોંડલ જી. રાજકોટ દ્વારા શ્રી પ્રેમજીભાઇ દેવાભાઇ મકવાણા ના નામનુ રહેણાક જોડાણ ગ્રાહક નંબર 33135/00141/9, 0.5 KW કનેકશન તા 22.07.1997 માં બળેલ મીટર ચાર્જ બાબત ની ફરીયાદ અત્રેની કચેરીને મળેલ છે. જે જોડાણ મા મીટર બળી ગયેલ હોવાથી તા.05.02.2018 ના રોજ બદલાવેલ હતુ. જે મીટર નુ લેબ ટેસ્ટીંગ તા:- 18.03.2018 ના રોજ કરાતા લેબ ટેસ્ટીંગ મુજબ - મીટર નો- મેઇન ન્યુટલ ટર્મીનલ સપ્લાય લીંક બળેલ હોય, ગ્રાહક નંબર- 33135/00141/9 મા બળેલ મીટર ચાર્જ - 860.00 ઉધારવામા આવેલ- સદર બળેલ મીટર બાબતેનો ચાર્જ જી.ઇ.આર.સી.ના નિયમ મુજબ 6.35 મુજબ લેવા પાત્ર થાય છે. |
| ૨.૨ | સદર બાબતે અરજદાર ની ફરીયાદ અન્વયે – તા.૦૬–૦૭–૧૮ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ – અરજદાર ની ફરીયાદ નુ સુખદ નિરાકરણ થયેલ છે. વધુમા અરજદાર ને ૧૨૬ ની કલમ હેઠળ નુ બીલ અપાયેલ છે, જે શરતચુક થી અપાયેલ હોય રદબાતલ કરાયેલ છે. આમ, અરજદાર ને હવે કોઈ ફરીયાદ રહેતી નથી. |

: નિષ્કર્ષ :

મુદ્દા નં.—૩ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૦૬–૦૭–૧૮નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદ્દા નં.—૪ : <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ નુ તા.૦૬–૦૭–૧૮નો લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ થયેલ હોય – આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.